॥ वन्दे मातरम् ॥ RNI No. GUJGUJ / 2008 / 25828

રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતું ક્રાંતિકારી અખબાર

# અવતરણ

તંત્રી : કેતન પટેલ [M] +91 93761 23366

મેને. તંત્રી : ગૌરાંગ પંડ્યા [M] +91 99099 69099

દૈનિક

■ કાર્યાલય : પ્લોટ નં. K-1/906/8, સેક્ટર-28, GIDC, ગાંધીનગર ■ ફોન : 079 - 2321 1379 ■ ફેક્સ : 079 - 2321 1379 *Gandhinagar*

**Rg. Office :** Plot No. 470/1, Indraprasth Society Sector-22, Dist.Gandhinagar [GUJARAT] 382 022

• **Printer / Publisher / Owner / Editor :** Ketan Chhotalal Patel • **Printed : Namasvi Offset,** Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar-382 028 • **Published :** Plot No. 470/1, Indraprasth Society, Sector-22, Gandhinagar (GUJARAT) 382 022

• વર્ષ 11 • અંક 029 • દિનાંક 14-09-2018 • શુક્રવાર • વિ.સં. 2074 • પાના 4 • કિંમત : 25 પૈસા • વાર્ષિક લવાજમ : રૂા. 75/- • email : avatarandaily@gmail.com • www.govtofgaurang.com

### ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ભાવમાં ફરી વધારો કર્યો

# પેટ્રોલ-ડીઝલની કિંમત રેકોર્ડ ઉંચી સપાટીએ : ફરીવાર વધારો કરાયો

## દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૧ તેમજ મુંબઈમાં ૮૮.૩૯ રૂપિયા પ્રતિલીટર થઇ : નબળા રૂપિયા અને ઉંચી એક્સાઇઝ ડ્યુટી સહિતના કારણોથી વધારો




**(એજન્સી)નવી દિલ્હી,** તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકો પર આજે વધુ બોજ ઝીંકવામાં આવ્યો હતો. એક દિવસના વિરામ બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફરી વધારો કરવામાં આવ્યો હતો. દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૧૩ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે ડીઝલની કિંમતમાં ૧૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ભાવ વધારાના કારણે સામાન્ય લોકો પર વધારે બોજ આવી ગયો છે. આજે સવારે દિલ્હીમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૧ રૂપિયા પર પહોંચી ગઇ હતી. જ્યારે દિલ્હીમાં ડીઝલની કિંમત વધીને ૭૩.૦૮ સુધી પહોંચી ગઇ છે. આજે મુંબઈમાં પેટ્રોલની કિમત ૮૮.૩૯ સુધી પહોંચી ગઇ હતી. ડીઝલની કિંમત વાણિજ્ય પાટનગરમાં વધીને ૭૭.૫૮ સુધી પહોંચી ગઇ હતી. પેટ્રોલ અને ડીઝલની કિંમત રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી છે. કોલકાતા સિવાય મેટ્રોમાં કિંમતોમા વધારો થયો છે. પેટ્રોલની કિંમત હવે લોકોને વધુ હેરાન કરી રહી છે. મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતામાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૮.૩૯, ૮૨.૪૧, ૮૨.૮૭ રહી છે. મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ગઈકાલે રાહત થઇ હતી. કારણ કે સતત છ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવ્યા બાદ ગઈકાલે ભાવ વધારો રોકાઇ ગયો હતો. બુધવારના દિવસે કોઇ વધારો કરવામાં આવ્યો ન હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાના કારણે તમામ રાજ્યો પર દબાણ આવી રહ્યુ છે. આ દબાણ વચ્ચે કેટલાક રાજ્યો વેટમાં ઘટાડો કરી ચુક્યા છે. જેમાં રાજસ્થાન અને આંધ્રપ્રદેશ બાદ હવે પશ્ચિમ બંગાળમાં વેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી આ ત્રણય રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થયો છે. કેટલાક રાજકીય પંડિતો માની રહ્યા છે કે આગામી મહિનાઓમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેથી પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં વધારા પર બ્રેક મુકવામાં આવે તેવી શક્યતા છે. રાજસ્થાન અને આંધ્રપ્રદેશ સરકાર દ્વારા વેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હાલમાં ભાવ વધારાને લઈને સામાન્ય લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. સતત છ દિવસસુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં હાલમાં વધારો કરવામાં આવ્યો હતો. ભાવ વધારાની સામે ભારત બંધની હાકલ પણ કરવામાં આવી હતી. જે દરમિયાન બિહાર સહિતના કેટલાક રાજ્યોમાં હિંસા થઈ હતી. જો કે ભારત બંધના એક દિવસ બાદ પણ વધારો કરવામાં આવ્યો હતો. જો કે આજે કોઇ વધારો કરવામાં આવ્યો ન હતો. કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી થોડાક મહિનામાં જ યોજનારા છે. આવા સમયમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં બ્રેક મુકવામાં આવી શકે છે. કારણ કે કર્ણાટક અને અન્ય રાજ્યોમાં ચૂંટણી વેળા પણ કિંમતોમાં બ્રેક મુકવામાં આવ્યા બાદ ચર્ચા છે. ગુજરાત અને કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન કિંમતોમાં થોડાક સમય સુધી ઘટાડો કરવામાં આવ્યો હતો. જેના કારણે રાહત થઇ હતી. આજે સવારે ભાવમાં વધારો કરવામાં આવ્યા બાદ લોકો પર બોજ આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાની માંગ સાથે હાલમાં ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. જો કે ત્યારબાદ પણ તેની કોઇ અસર દેખાઇ નથી.કિંમતોમાં વધારો જારી છે. પાંચમી સપ્ટેમ્બર અને ૧૨મી સપ્ટેમ્બર સિવાય દેશભરમાં છેલ્લા બે સપ્તાહથી ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. વૈશ્વિક ક્રૂડની કિંમત સતત વધી રહી છે. વૈશ્વિક સ્તરે તેલની કિંમતમાં આજે ઘટાડો થયો હતો. અગાઉના સેશનની સરખામણીમાં માંગ આંશિક ઘટી હતી. બુધવારના દિવસે ઓપેક દેશોએ વર્ષ ૨૦૧૯ના વૈશ્વિક ઓઇલ ડિમાન્ડ ગ્રોથ માટેના અંદાજને ઘટાડી દીધો છે. આની સાથે જ આર્થિક જોખમની સ્થિતિ રજૂ કરી છે. તેના માસિક રિપોર્ટમાં ઓપેકનું કહેવું છે કે, આગામી વર્ષે વિશ્વ સ્તર પર ઓઇલની માંગ ૧.૪૧ મિલિયન બેરલ પ્રતિદિવસ વધી જશે. ઓપેકની આ ચેતવણીથી વિશ્વના દેશોને વધુ સાવધાન થવાની જરૂર છે. હાલમાં ઉંચી એક્સાઇઝ ડ્યુટી, ક્રૂડની ઉંચી કિંમત, ડોલર સામે રૂપિયાના નબળા દેખાવના લીધે ભાવમાં વધારો થયો છે.




ગણપતિ ઉત્સવની ગુરુવારથી શરૂઆત થઇ રહી છે ત્યારે ગુલબાઈ ટેકરા વિસ્તારમાંથી ગણપતિની મૂર્તિ લઈને શ્રદ્ધાળુઓ વાજતા ગાતે રવાના થયા હતા.

# ઉત્તરપ્રદેશ : અન્યત્ર શહેરો માટે વધુ ફ્લાઇટો શરૂ થઇ

**(એજન્સી)નવી દિલ્હી,** હવાઇ કનેક્ટિવિટીના મામલે ઉત્તરપ્રદેશ હવે સૌથી આગળ પહોંચી રહ્યુ છે. ઉત્તરપ્રદેશમાંથી કેટલીક નવી ફ્લાઇટ શરૂ કરવામાં આવી રહી છે. નેપાળ માટે પણ સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશના જુદા જુદા વિસ્તારમાંથી દેશના અન્ય મોટા શહેરોમાં જવાની બાબત હવે સરળ બની ગઇ છે. પ્રદેના બીજા શહેરોને પણ અન્ય મોટા શહેરો સાથે જોડી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ સ્પાઇસ જેટ દ્વારા પાંચ ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે. જેમાં કાનપુર-મુંબઇ-વારાણસી-કોલકત્તા, ગોરખપુર-બેંગલોર-વારાણસી-બેંગલોર, અને કાનપુર-કોલકત્તાની ફ્લાઇટ સામેલ છે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ વિકાસના મોરચા પર રાજ્યને અતિ ઝડપથી લઇ જવા માટે તૈયાર છે. તેમના દ્વારા એકપછી એક મોટા પગલા લેવામાં આવી રહ્યા છે. રોકાણને પ્રોત્સાહન આપવા માટે તમામ પગલા યોગી લઇ રહ્યા છે. સાનુકુળ માહોલ સર્જવાના પ્રયાસ પણ કરી રહ્યા છે. હવાઇ કનેક્ટિવીટીના મામલે ઉત્તરપ્રદેશ અન્ય રાજ્યો કરતા આગળ નિકળી જવા માટે તૈયાર છે. હાલમાં અલ્હાબાદનાબામરોલી વિમાનીમથકથી અલ્હાબાદ અને ઇન્દોર વચ્ચેની સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવી હતી. તે પહેલા લખનૌ અને પટણા વચ્ચે પણ સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવી હતી. હવે લખનૌથી ચંદીગઢ માટે પણ સીધી ફ્લાઇટ શરૂ છે.

## ૨૦૧૬માં આપઘાત કરનાર ત્રીજી મહિલા ભારતીય હતી

**(એજન્સી)નવી દિલ્હી,** ભારતીય મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા એક વ્યાપક સર્વેમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૬માં દુનિયાભરની જેટલી મહિલાઓએ આત્મહત્યા કરી હતી તે પૈકી દરેક ત્રીજી મહિલા ભારતીય છે. અલબત્ત વર્ષ ૨૦૧૬માં વિશ્વ વસ્તીમાં કુલ ૧૮ ટકા ભારતીય છે. લેન્સેટ પબ્લિક હેલ્થ જનરલમાં પ્રકાશિત હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૬માં આત્મહત્યા કરનાર મહિલાઓ પૈકી ૩૭ ટકા ભારતીય હતી. જ્યારે પુરૂષોમાં આ આંકડો ૨૪.૩ ટકા રહ્યો હતો. આ અભ્યાસમાં સામેલ રહેલા શોધકર્તા પૈકી એક રાખી ડાંડોનાએકહ્યુ છે કે આત્મહત્યા કરનાર મહિલાઓ પૈકી પણ પરિણિત મહિલાઓની ટકાવારી વધારે છે.

# મહારાષ્ટ્ર : નરભક્ષી વાઘની મોટાપાયે શરૂ કરાયેલ શોધ

## ૧૨થી વધુના શિકાર કરાયા બાદ નરભક્ષી વાઘની શોધ

**(એજન્સી)મુંબઈ,** મહારાષ્ટ્રમાં એક પછી એક માનવી પર થઈ રહેલા હુમલાના પરિણામ સ્વરુપે હવે નરભક્ષી બની ગયેલા વાઘને શોધી કાઢવા માટે મોટાપાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. વન્ય વિભાગના અધિકારીઓ સેનાની જેમ ઓપરેશન ચલાવવા તૈયાર થયા છે. મહારાષ્ટ્રમાં નરભક્ષી વાઘને શોધવા માટે ઓપરેશન શરૂ થઈ ચુક્યું છે. નરભક્ષી વાઘે પ્રથમ શિકાર એક વૃદ્ધ મહિલાને બનાવી હતી. તેની લાશ મળી આવી છે. ત્યારબાદ એક વૃદ્ધ કિસાનને પણ આ વાઘે ફાડી ખાધો હતો. એક પછી એક વાઘે અનેક લોકોને ટાર્ગેટ બનાવ્યા છે. યાવાતમલ જિલ્લામાં સ્થિત પાંડરકવડા પહાડીઓમાં ફેલાયેલા વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ છે. અનેક લોકોને અહીં ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. દહેશતની સ્થિતિ એ છે કે, આસપાસના ગામોના લોકો રાત્રિ ગાળામાં પણ હવે મશાલ લઈને પેટ્રોલિંગ કરી રહ્યા છે.વન્ય વિભાગના અધિકારીઓ પણ લોકોના મોતના સિલસિલાને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, કોઈ એક વાઘ દ્વારા આટલા મોટાપાયે લોકો ઉપર હુમલા કરવાની બાબત અસામાન્ય દેખાઈ રહી છે. કેટલાક રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, નર વાઘ દ્વારા આ ક્ષેત્રમાં કેટલાક હુમલા કરાયા છે. તે પણ આ હુમલામાં સામેલ હોઈ શકે છે. મોટા ઓપરેશન હવે શરૂ કરાયા છે. આદમખોર વાઘને શોધી કાઢવા માટે હાથીની મદદ પણ લેવામાં આવી રહી છે. શાર્પશૂટરો તૈનાત કરવામાં આવી રહ્યા છે. આ વાઘને કેદ કરીને પ્રાણીસંગ્રહાલયમાં મોકલવામાં આવે તેમ માનવામાં આવે છે. વાઘના હુમલાન ાપરિણામ સ્વરુપે મૃતકોની સંખ્યા વધી રહી છે. ૧૨થી વધુ પર હુમલા કરાયા છે. ૧૨ શિકાર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પાંચ વર્ષની માંદા વાઘ હવે આદમખોર તરીકે છે અને માનવ માંસ માટે શિકાર કરી રહી હોવાનું જાણવા મળ્યું છે. ઓગસ્ટ મહિનામાં જ ત્રણને ફાડી ખાધા હતા.



# ખેડૂતોને એમએસપી સંબંધિત પોલિસીને કેબિનેટની બહાલી

**(એજન્સી)નવીદિલ્હી,** કેન્દ્રીય કેબિનેટે ખેડૂતોને એમએસપીની ખાતરી કરવા નવી પ્રાપ્તિ પોલિસીને આજે લીલીઝંડી આપી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં કેબિનેટે નવી પ્રાપ્તિ પોલિસીને મંજુરી આપી હતી. નવી મંજુર કરવામાં આવેલી પ્રાપ્તિ પોલિસી હેઠળ એક સ્કીમ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સ્કીમ હેઠળ તેલિબિયાના ખેડૂતોને વળતર આપવાના મુદ્દા ઉપર પણ નિર્ણય લેવામાં આવશે. જો રેટ એમએસપી કરતા નીચે જશે તો તેલિબિયાના ખેડૂતોને વળતર ચુકવવામાં આવશે. આ ઉપરાંત રાજ્યોને પ્રાપ્તિ માટે ખાનગી કંપનીઓને મેદાનમાં ઉતારવાની પણ તક આપવામાં આવશે. આ વર્ષે બજેટમાં સરકારે જાહેરાત કરી હતી કે, ખેડૂતોને લઘુત્તમ સમર્થન મૂલ્યની ખાતરી કરવા ફુલ પ્રુફ વ્યવસ્થાને અમલી કરવા માટે પગલા લેવામાં આવશે. આ સંદર્ભમાં રાજ્યો અને કેન્દ્રીય કૃષિમંત્રાલય સાથે વાતચીત કરીને એક વ્યવસ્થા સુચવવા નીતિ આયોગને કહેવામાં આવ્યું હતું. સુત્રોના કહેવા મુજબ કૃષિ મંત્રાલયની નવી પ્રાપ્તિ પોલિસીઆવી ગઈ છે. અન્નદાતા મૂલ્ય સંરક્ષણ યોજના ચર્ચા માટે હાથ ધરવામાં આવી ચુકી છે. આને મંજુર પણ કરવામાં આવી ચુકી છે. નવી પોલિસી હેઠળ રાજ્ય સરકારોને ખેડૂતોનું રક્ષણ કરવા માટે મલ્ટીપલ સ્કીમની પસંદગી કરવા વિકલ્પ આપવામાં આવશે જ્યારે કિંમતો એમએસપીથી નીચે જશે ત્યારે ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે. નવી સ્કીમ જે પીડીપી પણ તૈયાર કરવામાં આવી છે. મધ્યપ્રદેશ સરકારની ભાવાંતર ભુગતાન યોજનાની જેમ આ યોજના તૈયાર કરવામાં આવી છે. પીડીપી હેઠળ સરકાર એમએસપી અને માસિક સરેરાશ કિંમત વચ્ચેના અંતરની ચુકવણી ખેડૂતોને કરશે. હોલસેલ માર્કેટમાં ઉલ્લેખ કરવામાં આવેલી તેલિબિયાની કિંમત અને એમએસાપી વચ્ચે અંતરની ચુકવણી કરવામાં આવશે.



### શહેરમાં ચાલતી શટલ રિક્ષાઓ પર હવે તવાઇ

# ટ્રાફિક અભિયાન : ૧૦૦થી વધુ રિક્ષા ડિટેઇન કરી લેવાઈ

## નારોલ, હેલ્મેટ સર્કલ, સિવિલ, એસટી બસ સ્ટેન્ડ, ગોતા બ્રિજ, થલતેજ ચાર રસ્તા અને ઇસ્કોન સર્કલ સહિત ડ્રાઇવ

**(પ્રતિનિધિ)અમદાવાદ,** ગુજરાત હાઈકોર્ટના ટ્રાફિક મુદ્દે કડક વલણ બાદ શહેર પોલીસ દ્વારા ટ્રાફિક નિયમનને લઇ કડક કામગીરી કરવામાં આવી રહી છે. હેલ્મેટ વગર, આડેધડ પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયમન મુદ્દે ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઇવ ચલાવાઇ રહી છે ત્યારે હવે શહેરમાં ચાલતી શટલ રિક્ષાઓ પર લાઇસન્સ, વાહનના કાગળો અને રિક્ષાચાલકના બેઝ સહિતના મુદ્દે ટ્રાફિક પોલીસે તવાઇ શરૂ કરી છે. જેમાં શહેરમાં આજે જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિક પોલીસની ડ્રાઇવમાં ૧૦૦થી વધુ રિક્ષાઓ ડિટેઇન કરાઇ હતી. ટ્રાફિક પોલીસ દ્વારા આજે શહેરના ૨૬ ટ્રાફિક પોઇન્ટ પર શટલ રિક્ષા વિરુદ્ધ કેસ કરવા અંગેની ડ્રાઇવ યોજાઇ હતી. પોલીસે શહેરના નારોલ, હેલ્મેટ ચાર રસ્તા, સિવિલ હોસ્પિટલ, એસ.ટી. બસસ્ટેન્ડ, થલતેજ ચાર રસ્તા, ગોતા બ્રિજ, ઇસ્કોન સર્કલ સહિતના વિસ્તારોમાં શટલરિક્ષાચાલકો વિરુદ્ધ ટ્રાફિક નિયમનના ભંગ મુદ્દે કેસો કરી રિક્ષાઓ જપ્ત કરી હતી. શહેરમાં ટ્રાફિક સમસ્યામાં શટલરિક્ષાચાલકોના બેફામ પાર્કિંગના કારણે લોકો અને વાહનચાલકો હેરાન-પરેશાન થતા હોવાથી આવા રિક્ષાચાલકો સામે કાર્યવાહી કરવા આજે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા શટલરિક્ષાનું પ્રમાણ વધુ હોય તેવા ૨૬ વિસ્તારમાં પોલીસે ડ્રાઇવ ચલાવી હતી. પોલીસે જે રિક્ષાચાલકો લાઇસન્સ-કાગળો-બેઝ ન ધરાવતા હોય તથા ક્ષમતાથી વધુ પેસેન્જર બેસાડેલા હોય, રિક્ષા મોડીફાઇ કરેલી હોય તેમની સામે કાર્યવાહી કરી હતી. પોલીસે આવા તમામ રિક્ષાચાલકોને આરટીઓનો મેમો આપી રિક્ષાઓ જપ્ત કરી લીધી હતી. શહેરના હેલ્મેટ ચાર રસ્તા, ઉમિયા હોલ, અખબારનગર સર્કલ, રિલીફરોડ, રૂપાલી સિનેમા, કાલુપુર સર્કલ, શાહપુર, મેમ્કો ચાર રસ્તા, સાબરમતી પાવરહાઉસ સર્કલ, નરોડા પાટિયા, નોબલનગર, અજિત મિલ ચાર રસ્તા, સીટીએમ ચાર રસ્તા, વિશાલા સર્કલ, ઓઢવ રિંગરોડ, મણિનગર રેલવે સ્ટેશન, જશોદાનગર બસ સ્ટેશન, ઉજાલા સર્કલ સહિતના વિસ્તારમાં ડ્રાઇવ યોજી હતી. આજની ટ્રાફિક ડ્રાઇવમાં પોલીસે અંદાજે ૧૦૦થી વધુ રિક્ષાઓ જપ્ત કરી રિક્ષાચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં અનેક રિક્ષાચાલકો લાઇસન્સ વગર રિક્ષા ચલાવતા હોય છે.ઉપરાંત ૧૮ વર્ષથી નીચેની વયના છોકરાઓ પણ શટલ રિક્ષા ભાડે ચલાવતા હોય છે. તાજેતરમાં પોલીસ દ્વારા રિક્ષાચાલકો વિરુદ્ધ ટ્રાફિક નિયમન મુદ્દે કેસ કરાયા હતા, જેમાં અનેક રિક્ષાચાલકો પાસે રિક્ષાના કાગળો ન હતા તેમજ તેના માલિકો કોણ છે વગેરેની માહિતી ન હોવાનુ ધ્યાને આવ્યું હતું, જેથી પોલીસે આવા રિક્ષાચાલકો સામે કાર્યવાહી કરવા ટ્રાફિક ડ્રાઇવ યોજી હતી. આજની આ ટ્રાફિક ડ્રાઇવમાં ૧૮૦થી વધુ ટ્રાફિક પોલીસના જવાનો અને સ્થાનિક પોલીસ સ્ટેશનના કર્મચારીઓ જોડાયા હતા. ટ્રાફિક પોલીસની ડ્રાઇવને મળી હતી.



અવતરણ

**તંત્રીમંથન....**

## દેશમાં ખેલાતું જાતિવાદનું રાજકારણ

ચાર રાજ્યોની વિધાનસભા અને તેના પછી લોકસભા ચૂંટણી પહેલાં દેશના વિભિન્ન હિસ્સામાં જે રીતે જાતિવાદી રાજનીતિની આગ સળગી ઊઠી છે, તે ચિંતાજનક પણ છે અને ભારતીય રાજનીતિના કાળા પક્ષને રેખાંકિત પણ કરનારી છે. આ જાતિવાદી રાજકારણથી ઉત્તર ભારતનાં કેટલાંય રાજ્યો સળગી રહ્યાં છે. હાલમાં અનામતની આડમાં તો જાતિવાદી રાજકારણ ખેલાઈ જ રહ્યું છે, એસસી-એસટી એક્ટના બહાને પણ તેને હવા આપવામાં આવે છે. આપણા દેશમાં જ્યારે પણ ચૂંટણી આવે છે તો જાતિ-પંથ સાથે જોડાયેલા મુદ્દા કોઈને કોઈ બહાને સપાટી પર આવી જ જાય છે. આ મુદ્દાઓ દ્વારા ધ્રુવીકરણનું રાજકારણ કરવામાં આવે છે. જ્યારે એવું થાય છે તો વિકાસના સવાલ આપોઆપ પાછળ છૂટી જાય છે. તેની અવગણના ન કરી શકાય કે હાલમાં એસસી-એસટી એક્ટના વિરોધમાં સડકો પર ઉતરેલા સવર્ણ સમાજનાં વિભિન્ન સંગઠનોએ અનામતને લઈને પણ વિરોધ વ્યક્ત કર્યો. એસસી-એસટી એક્ટના વિરોધમાં સડકો પર ઉતરેલ લોકો ભલે અલગ-અલગ સંગઠનો સાથે જોડાયેલા હોય, પરંતુ એ માનવાનાં ઘણાં કારણ છે કે તેમને પરદા પાછળથી રાજકીય ટેકો એટલા માટે અપાતો હતો, જેથી ભાજપ સમક્ષ મુશ્કેલીઓ ઊભી કરી શકાય. અત્યાર સુધી અનુસૂચિત જાતિ, જનજાતિ કે પછાત વર્ગના લોકો જ જાતીય હિતના સવાલને લઈને ધરણાં-પ્રદર્શન કરતા હતા, પરંતુ હવે આ જ રસ્તે સવર્ણ વર્ગ પણ ચાલી નીકળ્યો છે. આ વર્ગના લોકો વિભિન્ન રાજ્યોમાં જે રીતે સડકો પર ઉતરી આવ્યા છ

### રૂપિયાના અવમુલ્યને રોકવા ચર્ચા કરાશે

# રૂપિયાના અવમુલ્યને રોકવા ટૂંક સમયમાં જ મિટિંગ થશે

## પેટ્રોલિયમ પેદાશોની કિંમતોમાં વધારાના સંદર્ભમાં કોઇ મોટો નિર્ણય થાય તેવી શક્યતા : આયાતની કિંમત વધી

**(એજન્સી)નવી દિલ્હી,**

ડોલર સામે રૂપિયામાં સતત ઘટાડો થઇ રહ્યો છે. આ સપ્તાહના છેલ્લા ગાળામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈકોનોમિક રિવ્યુની મહત્વપૂર્ણ બેઠક બોલાવી શકે છે જેમાં રૂપિયાના અવમૂલ્યને રોકવા માટે જુદા જુદા પગલા પર વિચારણા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સરકાર પેટ્રોલિયમ પેદાશોની વધતી જતી કિંમતોમાં ધ્યાન આપીનો કોઇ મોટી જાહેરાત પણ કરી શકે છે. ચાલુ ખાતાકીય ખાધ અને ચીન-અમેરિકામાં ટ્રેડવોરના પરિણામ સ્વરુપે રૂપિયામાં ઘટાડો થઇ રહ્યો છે. નાણાંકીય વર્ષના આ ત્રિમાસિક ગાળામાં વર્તમાન ખાતાકીય જીડીપીનો આંકડો ૨.૪ ટકા થઇ ગયો છે જે આશરે ૧૬ અબજ ડોલરની આસપાસનો છે. મૂડીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ભારતના સીએડી



જીડીપીનો આંકડો ૨.૫ ટકા થશે. આજે સવારે કારોબાર શરૂ થયા બાદ ડોલર સામે રૂપિયામાં અફડાતફડી રહી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર આરબીઆઈની સાથે મળીને એનઆરઆઇ માટે ડિપોઝિટ સ્કીમની જાહેરાત કરી શકે છે જેના પરિણામ સ્વરુપે મુદ્રાના વિદેશી પ્રવાહમાં તેજી આવશે અને રૂપિયામાં સુધારો થશે. પહેલી ઓગસ્ટથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થઇ રહ્યો છે જેના માટે રૂપિયામાં થઇ રહેલા ઘટાડાને પણ જવાબદાર ગણવામાં આવે છે. કેટલાક લોકો આને ૫૦ ટકા સુધી જવાબદાર ગણે છે. ડોલરની સરખામણીમાં ભારતીય બાસ્કેટ ત્રણ ટકા મોંઘો છે. છેલ્લા ૪૦ દિવસના ગાળામાં તેલની આયાતમાં ત્રણ ગણો વધારો થઇ ચુક્યો છે. આગામી દિવસોમાં આ વધુ વધારો થઇ શકે છે. રૂપિયાના અવમુલ્યનો રોકવા માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આર્થિક રિવ્યુની બેઠક બોલાવવામાં આવનાર છે.



કેવાસ ત્રીજના પ્રસંગે મહિલાઓએ સમૂહમાં વિશેષ પૂજા કરી હતી.

### ટુંકાગાળામાં જ કેટલાક ફોન કબજે કરાયા

# સાબરમતી મધ્યસ્થ જેલમાં ફોન મળવાનો દોર યથાવત

## જેલની સલામતીને લઇને ફરી પ્રશ્નો : તમામ ટેકનોલોજી હોવા છતાં ફોન કઇરીતે પહોંચી રહ્યા છે તેને લઇને પ્રશ્નો

**(પ્રતિનિધિ)અમદાવાદ,**

રાજ્યની સૌથી મોટી અને સુરક્ષિત એવી સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી મોબાઈલ ફોન મળી આવવાની ઘટનાઓ સતત બની રહી છે છતાં જેલ તંત્ર કે ગૃહ વિભાગની આંખ નથી ઊઘડી રહી. છેલ્લા એક મહિનામાં ચાર વખત સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી મોબાઈલ મળી આવવાની ઘટના બનતાં હવે સુરક્ષા અને સલામતીને લઇ સાબરમતી જેલ ફરી એકવાર વિવાદમાં સપડાઇ છે. અવારનવાર મોબાઈલ મળે છે તેનો અર્થ એ થાય કે, કાં તો જેલમાં જામર કામ કરતા નથી અથવા તો કેદીઓ માટે ચોક્કસ સમયે ઠપ્પ કરી દેવામાં આવે છે એવા સવાલો પણ હવે ઉઠી રહ્યા છે. જેને લઇ હવે ભારે વિવાદ સર્જાયો છે. ગઈકાલે પણ નવી જેલના સર્કલ યાર્ડ નંબર ૧૦માંથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. બિનવારસી મોબાઈલ ફોન મળી આવતા જેલરે રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ સાબરમતી સેન્ટ્રલ જેલમાં છેલ્લા એક મહિનાથી સતત મોબાઈલ ફોન મળી આવવાની ઘટના બનતા જેલ ઝડતી સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે .ગઈકાલે સ્પેશિયલ ઝડતી સ્ક્વોડના જેલર અને તેમની ટીમે નવી જેલના સર્કલ યાર્ડ નંબર ૧૦માં બાતમીના આધારે તપાસ કરતા દરવાજાની બહારના ભાગે તપાસ કરતાં ખુલ્લી જગ્યામાં જમીનમાં દાટેલો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ફોન મળી આવતા યાર્ડ નંબર ૧૦/૧ અને ૧૦/૨૨ની વચ્ચે કોમન બાથરૂમના દરવાજાના ખાંચામાં તપાસ કરતા અન્ય એક મોબાઈલ પણ મળી આવ્યો હતો. બે મોબાઈલ મળી આવતા બેરેકમાં હાજર કાચા કામના કેદીઓની પૂછપરછ કરતા મોબાઈલ ફોનની કોઈ પણ આરોપીએ કબૂલાત કરી ન હતી. જેથી જેલરે મોબાઈલ ફોન કબજે કરી રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેલમાં ફોર જી જામર હોવા છતાં મોબાઈલ મળે છે. એનો અર્થ એ થયો કે જામર કામ કરતા નથી અથવા તો કેદીઓ માટે ચોક્કસ સમયે ઠપ્પ કરી દેવામાં આવે છે. જેલ સત્તાધીશોની સુરક્ષા વ્યવસ્થા સામે ઉઠી રહેલા આવા સવાલોને લઇ ફરી એકવાર વિવાદ જાગ્યો છે. સરકાર અને તંત્ર દ્વારા આ સમગ્ર મામલે શું કાર્યવાહી થાય છે તે જોવાનું રહ્યું.

### ધરતીકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધાઈ

# બિહાર અને બંગાળ સહિત પૂર્વોત્તર ભારતમાં ધરતીકંપ

## ૧૫થી ૨૦ સેકન્ડ સુધી આંચકો અનુભવાયો : જાનમાલનું નુકસાન ટળ્યું : લોકો મકાન-ઓફિસથી બહાર દોડી ગયા

**(એજન્સી)નવી દિલ્હી,**

બિહાર, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આજે સવારે ભૂકંપનો પ્રચંડ આંચકો આવ્યો હતો. રિક્ટર સ્કેલ ઉપર આની તીવ્રતા ૫.૫ આંકવામાં આવી હતી. ૧૫થી ૨૦ સેકન્ડ સુધી લોકોએ આંચકો અનુભવ કર્યો હતો. ભૂકંપનું કેન્દ્ર આસામના કોકરાઝાર શહેરથી બે કિલોમીટરના અંતરે ઉત્તરમાં સ્થિત હતું. આસામ, બિહારના પૂર્ણિયા, અરેરિયા, કટીહાર, કુચબિહાર, કિશનગંજ અને પટણામાં પણ આંચકો અનુભવાયો હતો. પશ્ચિમ બંગાળના જલપાઈગુડીના અનેક વિસ્તાર ભૂકંપના આંચકાના કારણે હચમચી ઉઠ્યા હતા. ભૂકંપના કારણે ઘરના પંખા ધ્રુજવા લાગી ગયા હતા. લોકો ઘર અને ઓફિસની બહાર દોડી ગયા હતા. કોલકાતા અને આસપાસના વિસ્તારોમાં પણ અસર રહી હતી. નેશનલ સિસ્મોલોજી સેન્ટરના નિર્દેશક વિનિત ગહેલોતે કહ્યું હતું કે, ભૂકંપ જમીનની સપાટીથી ૧૦થી ૧૨ કિલોમીટર નીચે રહ્યું હતું. આસામ, નાગાલેન્ડ અને મણિપુરમાં પણ આંચકા અનુભવાયા હતા. પૂર્વોત્તર ભારતમાં આજે સવારે તીવ્ર ભૂકંપના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઇ ગઇ હતી. ભૂકંપના કારણે લોકો તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ હોવાનુ જાણવા મળ્યુ છે. તેને નુકસાન કરી શકાય તેટલી તીવ્રતાના આંચકા તરીકે ગણી શકાય છે. જે રાજ્યોમાં પ્રચંડ આંચકાની અસર રહી હતી તેમાં બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ અને પૂર્વોતરના અન્ય રાજ્યોનો સમાવેશ થાય છે. ભૂકંપનુ કેન્દ્ર આસામના કોકરાઝારમાં હોવાનુ જાણવા મળ્યુ છે. આંચકાની અસર ૨૦થી ૩૦ સેકન્ડ સુધી લોકોએ અનભવ કરી હતી. પૂવોતરમાં આંચકો આવ્યા બાદ સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આંચકા બાદ મોટા શહેરોમાં લોકો તેમના ઘરમાંથી બહાર દોડી ગયા હતા.એકબીજા સાથે વાત કરતા નજરે પડ્યા હતા. હાલમાં ભારતમાં સતત હળવા આંચકા આવ્યા છે. આજે સવારે આવેલા આંચકાની અસર ૫.૫ રહી હતી. આસામ, નાગાલેન્ડ, મણિપુર અને નાગાલેન્ડમાં પણ આંચકાનો અનુભવ લોકોએ કર્યો હતો. જમીનથી ૧૨ કિલોમીટર સુધી નીચે હોવાના કારણે તેની અસર આશિક રીતે ઘટી ગઇ હતી. જમ્મુ કાશ્મીર અને હરિયાણામાં પણ આંચકાની અસર રહી હતી. જમ્મુ કાશ્મીરમાં તીવ્રતા ૪.૬ નોંધાઇ હતી.કાશ્મીરમાં સવારે સવા પાંચ વાગે આંચકો આવ્યો હતો. ત્યારબાદ પોણા છ વાગ્યાની આસપાસ હરિયાણામાં તીવ્રતા ૩.૩ રહી હતી. ભૂકંપનું કેન્દ્ર લડાખ ક્ષેત્રના કારગિલમાં હોવાનું જાણવા મળ્યું છે. બિહારના અધિકારીઓએ કહ્યુ છે ભૂકંપના કારણે લોકો તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. કે ધરતીકપના કારણે કોઇ પણ પ્રકારના નુકસાનના સમાચાર મળ્યા નથી. જો કે સંબંધિત વિભાગના અધિકારીઓ અને વૈજ્ઞાનિકોમાં વ્યાપક શોધખોળ કામગીરી હાથ ધરવામાં આવી ચુકી છે. હાલમાં ભારતમાં કેટલાક આચકા આવ્યા છે. નિષ્ણાંતો કબુલાત કરી ચુક્યા છે કે ભારતમાં પ્રચંડ આંચકો આવી શકે છે. બિહારના કટિહારમાં ૩૦ સેકન્ડ સુધી અસર રહી હતી. પટણામાં પણ લોકોએ આંચકો અનુભવ્યો હતો. બિહારમાં લોકોને ત્રણ વર્ષ પહેલા આવેલા ધરતીકપની યાદ તાજી થઇ ગઇ હતી.

# IIP ગ્રોથ જુલાઈમાં ઘટીને ૬.૬ ટકા : આયાતમાં ૨૫ ટકાની વૃદ્ધિ

**(પ્રતિનિધિ)નવીદિલ્હી,**

શેરબજાર અને કોર્પોરેટ જગતમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આઈઆઈપી ગ્રોથનો આંકડો આજે જારી કરી દેવામાં આવ્યો હતો. આ આંકડો જુલાઈ મહિના માટેનો જારી કરવામાં આવ્યો હતો. જૂન મહિનામાં આઈઆઈપી ગ્રોથનો આંકડો ૬.૯ ટકા હતો જે જુલાઈ મહિનામાં ઘટીને ૬.૬ ટકા થયો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મંદીના પરિણામ સ્વરુપે આ અસર થઇ છે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટનો આંકડો ૬.૬ ટકા રહેવા માટે અન્ય પરિબળો પણ છે. પાંચ મહિનાની ઉંચી સપાટીથી આ આંકડો નીચે પહોંચી ગયો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સૌથી નિરાશાજનક સ્થિતિ રહી છે. આ ઈન્ડેક્સમાગ્રોથ ૭ ટકાનો રહ્યો છે જે જુનમાં ૬.૯ ટકાની આસપાસનો હતો. ઈન્ડેક્સનો આંકડો ૭૭.૬ ટકા રહ્યો છે. જીડીપીના આંકડા હાલમાં જ જારી કરવામાં આવ્યા હતા જેમાં આસાસ્પદ ચિત્ર ઉપસી આવ્યું હતું. ઈલેક્ટ્રીસિટી જનરેશનમાં જુલાઈ મહિનામાં ૬.૭ ટકાનો વધારો થયો હતો જ્યારે જૂન મહિનામાં આ આંકડો ૮.૫ ટકાનો રહ્યો હતો. માઈનિંગમાં ગ્રોથ ૩.૭ ટકા હતો જે અગાઉ ૬.૬ ટકાનો હતો. મેન્યુફેક્ચરિંગમાં ૨૩ સબ સેક્ટરોમાં ૨૦ સેક્ટરોમાં મંદીની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં અન્ય આંકડાઓની પણ સીધી અસર જોવા મળી શકે છે. અન્ય આંકડાઓ પણ જારી કરવામાં આવ્યા હતા. વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૧૮માં એક્સપોર્ટનો કારોબાર ૨૭.૮૪ અબજ ડોલરનો રહ્યો છે જેમાં ૧૯.૨૧ ટકાનો પોઝિટિવ ગ્રોથ નોંધાયો છે. પેટ્રોલિયમ સિવાય નિકાસનો આંકડો ૧૭.૪૩ ટકાનો પોઝિટિવ ગ્રોથ દર્શાવે છે. જ્યારે આયાતમાં ઓગસ્ટમાં ૨૫.૪૧ ટકા સુધીનો વધારો થયો છે. અને આ આંકડો ૪૫.૨૪ અબજ ડોલરનો રહ્યો છે. ક્રૂડ ઓઇલની વધતી જતી કિંમતના પરિણામ સ્વરુપે આ સ્થિતિ સર્જાઈ છે. ટ્રેડ ડેફિસિટનો આંકડો ૧૭.૪ અબજ ડોલરનો રહ્યો છે. જુલાઈ મહિનામાં ટ્રેડ ડેફિસિટનો આંકડો પાંચ વર્ષની ઉંચી સપાટીએ રહ્યો હતો અને આ આંકડો ૧૮.૦૨ અબજની પાંચ વર્ષની ઉંચી સપાટીએ રહ્યો હતો. આ નાણાંકીય વર્ષમાં એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન નિકાસ ૧૬.૧૩ ટકાનો રહ્યો છે જ્યારે આયાતનો આંકડો આ નાણાંકીય વર્ષમાં પ્રથમ પાંચ મહિના દરમિયાન ૧૭.૩૪ ટકા સુધીનો વધારો નોંધાયો છે. આઈઆઈપીના આંકડાને લઇને કોર્પોરેટ જગત અને શેરબજારમાં પણ ચર્ચા જોવા મળી રહી હતી. આવતીકાલે શેરબજારમાં ગણેશ મહોત્સવની રજા રહેનાર છે જેથી શુક્રવારના દિવસે કારોબાર શરૂ થશે ત્યારે તેની સીધી અસર બજાર ઉપર નોંધાઈ તેમ માનવામાં આવે છે.

# ભારતી આશ્રમ ખાતે PSIનો નોટો ઉડાવતો વિડિયો વાયરલ

## ઇજાગ્રસ્ત ત્રણને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા

**(પ્રતિનિધિ)અમદાવાદ,**

શહેરના સરખેજ ગામમાં આવેલ ભારતી આશ્રમમાં સોમવારની મોડી રાતે ગાયક જિજ્ઞેશ કવિરાજના લોકડાયરામાં એક પોલીસ સબઈન્સ્પેક્ટરનો રૂપિયા ઉછાળતો વીડિયો વાઇરલ થતાં પોલીસ અધિકારીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ ડાયરામાં હજારોની સંખ્યામાં સ્થાનિકો આવ્યા હતા, જ્યાં લોકોએ રૂપિયાનો વરસાદ કર્યો હતો. પીએસઆઇ વર્દી પહેરેલી સ્થિતિમાં નોટોનો વરસાદ વરસાવતાં વિવાદમાં સપડાયા છે. આ અંગેની વિગત એવી છે કે, સરખેજના ભારતી આશ્રમમાં યોજાયેલા ડાયરામાં ભારતીબાપુ સહિત સંત-મહંતો હાજર રહ્યા હતા. સરખેજ ગામમાંથી હજારોની સંખ્યામાં લોકો આ ડાયરાની મજા માણવા માટે આવ્યા હતા. ડાયરાનો રંગ જામ્યો હતો. ડાયરામાં બંદોબસ્ત માટે આવેલા સરખેજ પોલીસ સ્ટેશનના પીએસઆઇ પણ મોજમાં આવી જતાં તેઓ સ્ટેજ પર આવ્યા હતા અને જિજ્ઞેશ કવિરાજ પર રૂપિયા ઉછાળ્યા હતા. પીએસઆઈ તે વખતે યુનિફોર્મમાં હતા. કોઈએ વીડિયો ઉતાર્યો હતો અને સોશિયલ મીડિયા પર વાઇરલ કર્યો હતો. આ મામલે સરખેજ પોલીસ સ્ટેશનના પીઆઇ પી.આર. રામાણી ભારતી આશ્રમમાં જિજ્ઞેશ કવિરાજનો ડાયરો થયો જ નથી તેવું રટણ કરી રહ્યા છે. પોલીસતંત્રના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું છે કે જ્યારે કોઇ પણ પોલીસ કર્મચારી વરદીમાં હોય ત્યારે આ રીતે વર્તન કરે તે ગેરકાયદે કહેવાય, તેના પર કોડ ઓફ કન્ડન્ટ પ્રમાણે ઈન્ક્વાયરી કરવામાં આવે છે. પહેલાં જે તે પોલીસ કર્મચારીનો ખુલાસો માગવામાં આવે અને ત્યારબાદ કાર્યવાહી થાય છે. તેથી હવે આ કિસ્સામાં શું કાર્યવાહી થાય છે તે જોવાનું રહેશે.

### મેલીવિદ્યાના ચક્કરમાં પરિવારે જીવ ગુમાવ્યો

# નરોડા સ્યુસાઇડ કેસ : મેલી વિદ્યાનું કારણ સપાટી ઉપર

## મમ્મી મેં અનેકવાર તમને કાળી વિદ્યા અંગે જણાવ્યું પણ તમે ન માન્યા : વેપારીની સ્યુસાઇડ નોટમાં છેલ્લા શબ્દો

**(પ્રતિનિધિ)અમદાવાદ,**

નરોડામાં કોસ્મેટિક વસ્તુઓનો વેપાર કરતા વેપારીએ પત્ની કવિતા(ઉ.વ.૪૫) અને ૧૬ વર્ષની દીકરી સીરીન સાથે આત્મહત્યા કરી લેવાની શહેરભરમાં ચકચાર જગાવનાર ઘટનામાં આખરે મેલીવિદ્યા-કાળીવિદ્યા કારણભૂત હોવાનું સામે આવ્યું છે. પોલીસે પણ સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ કરાયેલી મેલીવિદ્યાની વાતને લઇ હવે આગળની તપાસ આરંભી છે. મૃતક વેપારી કૃણાલ ત્રિવેદી(ઉ.વ.૫૦)એ તેમના આશરે ૭૫ વર્ષના માતાને પણ ઝેર પીવડાવી સુવડાવી દીધા હતા. આ કેસમાં શરૂઆતમાં આપઘાત કરવાનું કારણ પારિવારીક અથવા આર્થિક હોવાનું પોલીસ માનતી હતી. પરંતુ આજે સુસાઈડ નોટ સામે આવતા કેસમાં એક નવો જ વળાંક આવ્યો છે. આ સુસાઈડ નોટમાં માતાને સંબોધીને મૃતક વેપારીએ લખ્યું છે કે, મમ્મી મેં ઘણીવાર તમને કાળી વિદ્યા અંગે જણાવ્યું પણ તમે માન્યા નહી. તેથી



પોલીસે હવે આ મામલે તપાસ આરંભી છે. અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં કૃણાલભાઈના બેન-બનેવી અને પરિવારના અન્ય સંબંધીઓ પણ રહે છે. તેમજ ઘરમાં તેમના વૃદ્ધ માતા હતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કૃણાલ ત્રિવેદીએ ત્રણ પેજની લખેલી સુસાઈડ મુજબ, મમ્મી તમે મને ક્યારેય સમજી જ શક્યા નહીં, આખી દુનિયાએ મને શરાબી કહ્યો પણ હું નશો કેમ કરતો હતો. જો તમે મને પહેલા દિવસે જ સમજી લીધો હોત તો આજે મારી જિંદગી કંઈક બીજી જ હોત. હું જીવનમાં ક્યારેય કોઈ ચીજથી ડર્યો નથી. કૃણાલની ડિક્શનરીમાં ક્યારેય આત્મહત્યા હતી નહીં. મેં ઘણીવાર કાળી શક્તિઓ અંગે જણાવ્યું હતું. પરંતુ તમે ક્યારેય પણ તે માન્યું નહીં, અને તેનું કારણ શરાબને ગણાવી. કૃણાલ આગળ લખે છે, 'મેં ધંધામાં એમપી વાળાને રૂપિયા ૧૪,૫૫૦૦૦ આપ્યા છે. હું કોઈનો કર્ઝદાર નથી. મેં ધંધામાદ લાખ રૂપિયા માલ પેટે આપ્યા છે. કોઈપણ તમારી પાસે હજાર રૂપિયા લેવાનું હક્કદાર નથી. જે આજ સુધીનો સંચય છે. મેં ક્યારેય શોખથી દારૂ પીધો નથી. મારી આ નબળાઈનો કાળી વિદ્યાઓએ ભરપૂર ઉપયોગ કર્યો છે. હું ક્યારેય ઈચ્છતો નહોતો કે મારા સાસુ-સસરા અને તમારા પર કોઈ તકલીફ આવે. પરંતુ પરિસ્થિતિએ મને ક્યારેય ઉપર આવવા જ દીધો નહી. હું ઘણીવાર પડ્યો અને ઉભો થયો પણ હાર્યો નહી, પણ હવે આ બધી બાબતો દિવસેને દિવસે વધી રહી છે. મમ્મી તમે તો જાણો જ છો. સુસાઈડ નોટના અંતમાં કૃણાલભાઈના છેલ્લા શબ્દો હતા કે, જીજ્ઞેશભાઈ આ હવે તમારી જવાબદારી છે. શેર અલવિદા કહી રહ્યો છે. જીજ્ઞેશકુમાર, તુષારભાઈ તમે બધાએ કુણાલની આ સ્થિતિ જોઈ છે. પરંતુ કોઈ કંઈ કરી શકતું નહોતું. પરંતુ મા જેટલી કવિતા કરી શકતી એટલી કરતી હતી, તેને વિશ્વાસ હતો કે કુળદેવી, આઈ તેને બચાવીને બહાર કાઢી લેશે. પરંતુ કાળી શક્તિઓ સરળતાથી પીછો છોડતી નથી. આ પહેલા ગઈકાલે રાત્રે નરોડાના હરિદર્શન ચાર રસ્તા નજીક અવની ફ્લેટમાં રહેતા અને કોસ્મેટિકનો વેપાર કરતા કૃણાલ ત્રિવેદી, પત્ની કવિતા ત્રિવેદી અને તેમની ૧૬ વર્ષની પુત્રી શ્રીન તથા વૃધ્ધ માતા જયશ્રીબેન સાથે અવની ફ્લેટમાં ભાડાના મકાનમાં રહેતા હતા.

### સમાજ સુરક્ષા ખાતાને કેન્દ્ર તરફથી એવોર્ડ

# ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર છે

## વચેટિયા પ્રથા દૂર કરીને લાભાર્થીને લાભોની રકમ સીધી બેંકમાં જમા કરાવવા બદલ રાજ્યની કામગીરીની પ્રશંસા



**(પ્રતિનિધિ)અમદાવાદ,**
સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરસિંહ પરમારે જણાવ્યું છે કે, ગુડ ગવનર્ન્સ થકી લાભાર્થીઓને સીધા લાભ આપવા માટે ગુજરાત સરકારે જે આયોજનો કર્યા છે તે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયા છે. કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર દ્વારા સહાય ચૂકવણી બદલ ગુજરાત સરકારને એવોર્ડ આપવામાં આવ્યો છે તે આપણા સૌ માટે ગૌરવ સમાન છે. મંત્રી પરમારે ઉમેર્યુ કે, રાજ્યમાં વચેટીયા પ્રથા દુર થાય અને જરૂરીયાતમંદ લાભાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો સીધા મળે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. મુખ્યમંત્રીએ ટેકનોલોજીના માધ્યમ દ્વારા પારદર્શી વહીવટ અને ગુડ ગવર્નન્સ થકી જે લાંબા ગાળાના આયોજનો કર્યા છે તેના પરિણામ સ્વરૂપે આ સફળતા મળી છે જે માત્ર ને માત્ર રાજ્ય સરકારની હકારાત્મક નીતિને આભારી છે. મંત્રી પરમારે ઉમેર્યુ કે, રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા હેઠળની વિવિધ યોજનાઓના તમામ લાભાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯થી દ્વારા સૌ પ્રથમ ચૂકવણી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે તે બદલ આ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ તમામ યોજનાના અંદાજે ૭ લાખથી વધુ લાભાર્થીઓને પ્રતિ માસ તા.૧ થી ૫ દરમિયાન ૫૧૪૩.૮૮ લાખની સહાય સીધે સીધી તેમના બેન્ક ખાતામાં સંપૂર્ણ પારદર્શી રીતે ચૂકવી દેવામાં આવે છે. મંત્રીએ કહ્યુ કે, કેન્દ્ર સરકાર પુરસ્કૃત ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન સહાય યોજનાના ૬૦,૩૬૯૦ લાભાર્થીઓને માસિક પેન્શન ૪૨૧૧.૬૫ લાખની સહાય, તથા રાજ્ય સરકાર પુરસ્કૃત નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના ૭૩,૩૧૬ લાભાર્થીઓને ૪૯૧.૪૭ લાખની માસિક સહાય, ઈન્દીરા ગાંધીરાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના હેઠળ ૧૦,૯૮૨ લાભાર્થીઓને ૭૩.૧૭ લાખની સહાય, સંત સુરદાસ વિકલાંગ પેન્શન યોજનાના ૪૧,૬૦૮ લાભાર્થીઓને ૨૮૬.૫૯ લાખની માસિક ચૂકવણી અને પાલક માતા-પિતા યોજના અન્વયે રાજયના અનાથ બાળકોને માસિક ૩૦૦૦ લેખે કુલ ૧૧૦૭ લાભાર્થીઓને ૮૧ લાખની ચૂકવણી કરી દેવાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૬-૧૭માં ભારત સરકાર દ્વારા આ તમામ યોજનાના લાભાર્થીઓને દ્વારા લાભ આપવાનું નક્કી કરાયુ હતું. જે હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજનાના તમામ લાભાર્થીઓને એ જ વર્ષથી સહાય આપવાનું શરૂ કરાયુ હતું. રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમની વૃદ્ધ પેન્શન યોજના અને વિકલાંગ પેન્શન યોજનાના તમામ લાભાર્થીઓને ડીબીટી દ્વારા સમગ્ર ભારતમાં લાભ આપવામાં ગુજરાત સરકારે સૌ પ્રથમ વખત કામગીરી શરૂ કરી છે તે બદલ આ એવોર્ડ પ્રાપ્ત થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સમાજ સુરક્ષા ખાતાની વૃદ્ધ પેન્શન યોજના, વિકલાંગ પેન્શન યોજના અને પાલક માતા-પિતા યોજનાના તમામ લાભાર્થીઓને આધાર બેઈઝ પેન્શનની ચૂકવણી કરવામાં ગુજરાત સરકાર સમગ્ર દેશમાં ઝારખંડ પછી બીજા ક્રમ છે.

## મકાનમાં આગની દુર્ઘટનામાં નુકસાની બદલ વળતર મળ્યું

**(પ્રતિનિધિ)અમદાવાદ,**
શહેરના આંબાવાડી વિસ્તારમાં રહેતા અને ગ્રાહક કોર્ટમાં પ્રેકટીસ કરતાં એક એડવોકેટના મકાનમાં લાગેલી આગની દુર્ઘટનામાં મકાનનો ગ્રુપ ઈન્શ્યોરન્સ હોવાછતાં નુકસાનીની પૂરી રકમ ચૂકવવામાંથી હાથ ઉંચા કરી દેનાર વીમાકંપની સામે ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખ દ્વારા કરાયેલી ફરિયાદમાં અમદાવાદ શહેર(એડિશનલ) ગ્રાહક તકરાર નિવારણ ફોરમે ફરિયાદી વકીલને યોગ્ય વળતર અપાવતો મહત્વનો હુકમ કર્યો હતો. ફોરમના પ્રમુખ ડી.બી.નાયક અને સભ્ય શ્રીમતી કે.પી.મહેતાએ ઠરાવ્યું હતું કે, મકાનના ઈન્ટીરીયરને ભારે નુકસાન થયું છે, ત્યારે સર્વેયર ૫૦ ટકા ઘસારો કાપી શકે નહી. આ સંજોગોમાં ફરિયાદી વકીલને ફરિયાદ તા.૪-૧-૨૦૧૭થી વાર્ષિક આઠ ટકાના વ્યાજ સાથે રૂ.૨૩,૬૦૦નું વળતર ચૂકવી આપવા ધી ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીને ફરમાન કર્યું હતું. આકસ્મિક આગ અનુ દુર્ઘટનાના કિસ્સાઓમાં જયારે વ્યકિત વીમાથી સુરક્ષિત હોય ત્યારે આવા કિસ્સાઓમાં ગ્રાહક ફોરમનો આ ચુકાદો ઘણો માર્ગદર્શક અને ઉપયોગી બની રહેશે. ફરિયાદી દિનેશભાઈ શાહ તરફથી ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ગ્રાહક ફોરમમાં ફરિયાદ દાખલ કરી જણાવ્યું હતું કે, ગત તા.૫-૧૨-૨૦૧૬ના રોજ આંબાવાડી વિસ્તારમાં રહેતાં એડવોકેટ દિનેશભાઈ શાહના મકાનમાં શોટસર્કિટના કારણે આગ લાગી હતી. અચાનક ભારે આગ ફાટી નીકળતાં ફાયરબ્રિગેડને જાણ કરતાં જવાનોએ આવી આગ બુઝાવી દીધી હતી. આગમાં મકાનમાં ઈન્ટીરીયર અને અન્ય સરસામાનની થયેલી નુકસાની બદલ વીમાકંપની ધી ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની પાસે દાવાની માંગણી કરી હતી. કારણ કે, ફરિયાદીની ન્યુ ગિરધરપાકસોસાયટીના તમામ મકાનો રૂ.૧૫ લાખના ગ્રુપ ઈન્શ્યોરન્સથી સુરક્ષિત અને આવરાયેલા હતા. વીમાકંપનીના સર્વેયરે ઘરની મુલાકાત લઈ નુકસાનીની આકારણી રૂ.૪૭,૨૦૦ કરી હતી.

### નવરચિત ત્રણ જિલ્લાઓમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હેતુ

# નવી જવાહર નવોદય વિદ્યાલયના નિર્માણ માટે જમીનની ફાળવણી

## બોટાદ, કોઠારિયા અને ધતુરિયા ખાતે જવાહર નવોદય વિદ્યાલયનું નિર્માણ કરાશે : કુલ ૩૬.૪૨ હેક્ટર જમીનની વિનામૂલ્યે ફાળવણી : કૌશિક પટેલ

**(પ્રતિનિધિ)અમદાવાદ,**
ગુજરાતના મહેસૂલ મંત્રી કૌશિક પટેલે આજે જણાવ્યું છે કે, રાજ્યના વિદ્યાર્થીઓને શિક્ષણ પુરૂ પાડવા અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. રાજ્યમાં નવરચિત ત્રણ જિલ્લાઓમાં પણ શિક્ષણને પ્રોત્સાહન પુરૂ પાડવા રાજ્ય સરકારે ત્રણ નવી જવાહર નવોદય વિદ્યાલયના નિર્માણ માટે ૩૬.૪૨ હેકટર જમીન ફાળવવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. મહેસૂલ મંત્રી પટેલે ઉમેર્યું કે, રાજ્યના છેવાડામાં વસવાટ કરતા કુટુંબના બાળકો પણ ગુણવત્તા સભર શિક્ષણ મેળવે તે માટે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાસ ભાર મુક્યો છે. તે માટે કેન્દ્ર સરકાર પુરસ્કૃત જવાહર નવોદય વિદ્યાલયના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા આ જમીન ફાળવવામાં આવશે. જેમાં બોટાદ જિલ્લાના બોટાદ ખાતે, મોરબી



જિલ્લાના કોઠારીયા ખાતે અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધતુરીયા ખાતે નિર્માણ થનાર આ વિદ્યાલયોને પ્રત્યેકને ૧૨.૧૪ હેકટર લેખે કુલ ૩૬.૪૨ હેકટર જમીન રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે ફાળવવામાં આવશે. મહેસૂલ મંત્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, રાજ્ય જ્યારે ૧૬૦૦ કિ.મી. જેટલો વિશાળ દરિયા કિનારો ધરાવે છે અને રાજ્ય સમગ્ર દેશમાં પોર્ટ ઓપરેશનની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે હરીફાઈ કરી રહ્યું છે ત્યારે લોજીસ્ટીક સેકટરને વધુ સુદ્રઢ બનાવવા વધુને વધુ અત્યાધુનિક કન્ટેનર ડેપોની જરૂરીયાતને પુરી કરવા રાજકોટ જિલ્લાના પરાપીપળીયા ખાતે ઈનલેન્ડ કન્ટેનર ડેપોનું નિર્માણ કરાશે. આ ડેપોનો વિકાસ કરવા માટે ભારતીય કન્ટેનર નિગમ લીમિટેડ, અમદાવાદને ૧૨.૫૫ હેકટર જમીન પ્રવર્તમાન નીતિ મુજબ ફાળવવામાં આવશે. માલના વહન માટે જેમાં કન્ટેનરોના લોડીગ માટે રેલ સાઈડીગ, કન્ટેનર યાર્ડ, આયાત-નિર્યાત કાર્ગો છે.

# વિજય માલ્યાના પ્રત્યાર્પણ અંગે ૧૦ ડિસેમ્બરે ફેંસલો

## કિંગફિશર દ્વારા લેવાયેલી લોનની સાથે સંબંધિત ક્રિમિનલ પગલાઓનો સામનો કરવા માલ્યાને ભારત મોકલી શકાય

**(એજન્સી)લંડન,**
વિવાદોમાં ઘેરાયેલા શરાબ કારોબારી વિજય માલ્યાના સંદર્ભમાં ચુકાદો ૧૦મી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવશે. ફ્રોડના આરોપોનો સામનો કરવા ભારતમાં બ્રિટનથી પ્રત્યાર્પણ કરીને વિજય માલ્યાને મોકલવામાં આવશે કે કેમ તે અંગે ૧૦મી ડિસેમ્બરના દિવસે ફેંસલો થશે. ઈંગ્લેન્ડના ચીફ મેજિસ્ટ્રેટ ઈમા અરબથનોટ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમની નિષ્ક્રિય બની ગયેલી કિંગફિશર એરલાઈન્સ દ્વારા લેવામાં આવેલી લોન સાથે સંબંધિત ફોજદારી કાર્યવાહીનો સામનો કરવા બ્રિટનથી ૬૨ વર્ષીય કારોબારીને ભારત મોકલવાની માંગણી ભારત સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવી છે. ૧.૪ અબજ ડોલરની વસુલાત માટે ભારતીય સત્તાવાળાઓ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોતાની અંતિમ રજૂઆતમાં માલ્યાના વકીલે કહ્યું હતું કે, ભારત



તેમની સામે રહેલા પુરાવાને રજૂ કરવામાં નિષ્ફળ રહ્યું છે. પ્રત્યાર્પણ માટે જરૂરી દસ્તાવેજો સરકાર આપી શકી નથી. બીજી બાજુ વિજય માલ્યાએ એમ કહીને સરકારની ચિંતા વધારી દીધી છે કે, તેઓ વિદેશ આવતા પહેલા જેટલીને મળ્યા હતા. માલ્યાએ દાવો કર્યો હતો કે, બે વર્ષ અગાઉ ભારત છોડતા પહેલા તેઓ નાણામંત્રી અરુણ જેટલીને મળ્યા હતા. માલ્યાના નિવેદન તરફ ધ્યાન દોરવામાં આવ્યા બાદ જેટલીએ ફેસબુક પેજમાં કહ્યું હતું કે, વિજય માલ્યા દ્વારા મિડિયાને આપવામાં આવેલા નિવેદન તરફ તેઓ ધ્યાન દોરી રહ્યા છે. જેટલીએ કહ્યું હતું કે, વિજય માલ્યા સેટલમેન્ટની એક ઓફર સાથે તેમને મળ્યા હતા. બાકી તમામ પ્રકારના આક્ષેપ આધારવગરના છે. તેમને મળવા માટે તેમને કોઈપણ એપોઈન્ટમેન્ટ આપી ન હતી જેથી તેમને મળવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતાં નથી. અરુણ જેટલીએ આ પ્રકારના આક્ષેપોને ફગાવી દીધા હતા. ભારત છોડવાના કોઈ સંકેત આપ્યા હતા કે કેમ તે અંગે પૂછવામાં આવતા જેટલીએ રદિયો આપ્યો હતો.

### ૧૦૫૦.૩૨ હેક્ટર જમીનની ફાળવણી કરાઈ

# નવ ઔદ્યોગિક વસાહતોના નિર્માણ માટે જમીન અપાઈ

## ગુજરાતમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન

**(પ્રતિનિધિ)અમદાવાદ,**
મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું છે કે, રાજ્યના યુવાનોને ઘરઆંગણે રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબધ્ધ આયોજન કર્યું છે. ઉદ્યોગકારોને પણ જરૂરીયાત મુજબનું માનવબળ મળી રહે તે માટે રાજ્યમાં નવી ઔદ્યોગીક તાલીમ સંસ્થાઓ પણ કાર્યરત કરી છે ત્યારે યુવાનોને રોજગારી પુરી પાડવા રાજ્યમાં નવ નવી ઔદ્યોગીક વસાહતોનું નિર્માણ કરવા માટે રાજ્ય સરકારે ૧૦૫૦.૩૦ હેકટર જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. મહેસૂલ મંત્રી પટેલે ઉમેર્યું કે, રાજ્યમાં ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે રાજ્યના પ્રગતિશીલ સરકારના નિર્ણાયક મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અનેક વિધ આયોજનો કર્યા છે. જેના પરીણામ સ્વરૂપ ઉપલબ્ધ રોજગારીના કારણે ગુજરાત દેશભરમાં રોજગારી પુરી પાડવામાં મોખરે રહ્યું છે. આજે આ નવી નવ જીઆઈડીસીઓના નિર્માણ થકી વધુ રોજગારી ઉપલબ્ધ બનશે. સાથે સાથે લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે. તેમણે ઉમેર્યું કે, પાટણ જિલ્લાના વાગોસણા ખાતે નિર્માણ થનાર જીઆઈડીસી માટે ૫૧.૪૬ હેકટર, મહેસાણા જિલ્લાના ઐઠોર માટે ૪૭ હેકટર, આણંદ જિલ્લાના ઈન્દ્રણજ માટે ૪૦.૧૯ હેકટર, રાજકોટ જિલ્લાના ખીરસરા માટે ૯૨.૬૩ હેકટર, મોરબી જિલ્લાના છત્તર માટે ૨૪.૬૯ હેકટર, સુરેન્દ્રનગર જિલ્લાના વણોદ માટે ૩૭૧.૬૦ હેકટર, ભાવનગર જિલ્લાના નવા માઢીયા માટે ૩૦૦ હેકટર તથા નારી માટે ૧૧૫.૨૫ હેકટર અને ગાંધીનગર જિલ્લાના ભાટ ખાતે નિર્માણ થનાર જીઆઈડીસી માટે ૭.૫૦ હેકટર જમીન ફાળવવાનો નિર્ણય કરાયો છે.જેના પરીણામ સ્વરૂપ ઉપલબ્ધ રોજગારીના કારણે ગુજરાત દેશભરમાં રોજગારી પુરી પાડવામાં મોખરે રહ્યું છે. આ ફાળવવામાં આવનાર જમીન પૈકી ૭૦ ટકા જમીન બજાર કિંમતના ૫૦ ટકા ભાવે તથા બાકીની ૩૦ ટકા જમીન પ્રવર્તમાન બજાર કિંમત અનુસાર જીઆઈડીસીને આપવામાં આવશે. જીઆઈડીસી દ્વારા નાના ઉદ્યોગકારોને નક્કી કરેલ કિંમતના ૫૦ ટકા ભાવે પ્લોટ ફાળવવામાં આવશે.

### લાયકાત ધરાવતા કર્મચારીઓને પણ ડિસ્કાઉન્ટ

# ઈર્કોન ઈન્ટરનેશનલનો IPO ૧૭ સપ્ટેમ્બરના દિવસે ખુલશે

## ઈક્વિટી શેરદીઠ પ્રાઈઝ બેન્ડ ૪૭૦થી ૪૭૫ હશે : રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સને ઓફર રેટ પર ૧૦નું ડિસ્કાઉન્ટ

**(પ્રતિનિધિ)અમદાવાદ,**
દેશ અને વિદેશમાં રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રકચર, મોટા મોટા બ્રીજ અને ફલાયઓવર, વિશાળ હાઈવેના નિર્માણ સહિતની મહત્વની કામગીરી સાથે સંકળાયેલ કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રાલય હેઠળની ઈર્કોન ઈન્ટરનેશનલ લિમિટેડ તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેરનો આઈપીઓ લઈને માર્કેટમાં આવી રહી છે. જેમાં ભારત સરકારનાં રેલવે મંત્રાલય મારફતે કાર્યરત પ્રમોટર ભારતનાં રાષ્ટ્રપતિ (વિક્રેતા શેરધારક) દ્વારા ૯,૯૦૫,૧૫૭ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર સામેલ છે. આ ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ)નાં સબસ્ક્રિપ્શન માટે ૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન (એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન) પણ સામેલ છે. કર્મચારીઓનાં રિઝર્વેશન સિવાયની ઓફરનો હિસ્સો નેટ ઓફર કે ચોખ્ખી ઓફર તરીકે ઓળખવામાં આવે છે. કંપનીની પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં ઓફર અને નેટ ઓફરનો હિસ્સો અનુક્રમે ૧૦.૫૩ ટકા અને ૧૦.૦૦ ટકા રહેશે. આઈપીઓની આ બિડ/ઓફર તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બંધ થશે એમ અત્રે ઈર્કોન ઈન્ટરનેશનલ લિ.ના ચેરમેન અને એમડી સુનીલકુમાર ચૌધરી અને ડાયરેકટર એમ.કે.સિંઘે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઈર્કોન દ્વારા ભારત દેશમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટના ૩૮૦ જેટલા પ્રોજેકટ હાથ ધર્યા છે, જયારે ૨૭ દેશોમાં ૧૨૭ જેટલા ઈન્ફ્રાસ્ટ્રકચરના મહત્વના પ્રોજેકટ ધર્યા છે. આઈપીઓ મારફતે માર્કેટમાં પ્રવેશી રહેલી ઈર્કોન દ્વારા આ આઈપીઓમાં રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સને ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦નું ડિસ્કાઉન્ટ પણ ઓફર થશે અને એમ્પોલોયી રિઝર્વેશનપોર્શનમાં ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦નું ડિસ્કાઉન્ટ (એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ) ઓફર થશે. પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૭૦થી રૂ. ૪૭૫ છે. બિડ લઘુતમ ૩૦ ઈક્વિટી શેરનાં લોટમાં અને પછી ૩૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (બીઆરએલએમ) આઈડીબીઆઈ કેપિટલ માર્કેટ્સ એન્ડ સીક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે. ઈર્કોન ઈન્ટરનેશનલ લિ.ના ચેરમેન અને એમડી સુનીલકુમાર ચૌધરી અને ડાયરેકટર એમ.કે.સિંઘે વધુમાં ઉમેર્યું હતુ કે, આ ઓફર સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી), સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન,૨૦૦૯, જેમાં સમયે સમયે થયેલા સુધારા મુજબ (સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ)નાં નિયમન-૪૧ સાથે વાંચીને રજૂ કરવામાં આવી છે, જેમાં કંપનીનો પોસ્ટ- ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ઓછામાં ઓછો ૧૦ ટકા હિસ્સો જાહેર જનતાનો ઓફર થશે. ઓફર સેબી આઈસીડીઆર નિયમનોનાં નિયમન ૨૬(૧)ને અનુરૂપ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે રજૂ કરવામાં આવી છે, જેમાં નેટ ઓફરનો ૫૦ ટકા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી પોર્શન)ને સપ્રમાણ આધારે ફાળવણી માટે ઉપલબ્ધ કરાવાશે. ક્યુઆઈબી પોર્શનનાં ૫ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતાં ઓફર થયેલા શેર સપ્રમાણ આધારે મ્યુચ્યુઅલ ફંડ્સને જ ફાળવવા માટે ઉપલબ્ધ કરવામાં આવશે. ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો સપ્રમાણ આધારે મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત તમામ ક્યુઆઈબીને ફાળવણી માટે ઉપલબ્ધ થશે, જે ઓફર પ્રાઈસ પર કે એનાથી વધારે કિંમતે પ્રાપ્ત બિડને આધિન રહેશે. ઉપરાંત સેબી આઈસીડીઆર નિયમનોને અનુરૂપ ઓફરનો લઘુતમ ૧૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે બિન- સંસ્થાકીય બિડર્સને અને લઘુતમ ૩૫ ટકા હિસ્સો રિટેલ વ્યક્તિગત બિડર્સને ફાળવવામાં આવશે, જે ઓફર પ્રાઈઝ પર કે તેનાથી વધારે કિંમત પર માન્ય બિડ્સ મળવાને આધિન છે.

## 'અવતરણ' દૈનિકની જાહેરખબર માટેની એજન્સી આપવાની છે

સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતાં 'અવતરણ' દૈનિક માટે નીચે મુજબના જિલ્લાઓમાં જાહેરખબરોની એજન્સી આપવાની છે.

- ગાંધીનગર જિલ્લો - તાલુકા - શહેરી - ગ્રામ્ય
- અમદાવાદ જિલ્લો - તાલુકા - શહેરી - ગ્રામ્ય
- પાટણ જિલ્લો - તાલુકા - શહેરી - ગ્રામ્ય
- મહેસાણા જિલ્લો - તાલુકા - શહેરી - ગ્રામ્ય
- બનાસકાંઠા જિલ્લો - તાલુકા - શહેરી - ગ્રામ્ય
- સાબરકાંઠા જિલ્લો - તાલુકા - શહેરી - ગ્રામ્ય

રસ ધરાવનારાઓએ વહેલા તે પહેલાંના ધોરણે અરજી સાથે રૂબરૂ સંપર્ક કરવો.

**: સંપર્ક :**

મેનેજર : સરક્યુલેશન/જાહેરખબર વિભાગ

કાર્યાલય : પ્લોટ K-1/906/8, સેકટર-28, જીઆઈડીસી, ગાંધીનગર
ફોન/ફેક્સ : 079-2321 1379 email : avataran@live.com

